જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૧/૨૦૨૦ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૭૨/૨૦૨૦**

## પાસા અટકાયતની વિગત

**સરદારનગર પોલીસ સ્ટેશન :**

### પ્રોહીબીશન સબંધી આરોપીની પાસા અટકાયત કરતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ તથા અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર – ૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન- ૪ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જી. ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ દારુ- જુગારની પ્રવુતી નેસ્તોનાબુદ કરવા સુચના કરેલ તે અનુસંધાને સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહીબીશન સબંધી ગુન્હાઓ થતા અટકાવવા સીની.પો.ઇંસ. સી.આર.જાદવ તથા સેક.પો.ઇંસ. એમ.બી.બારડ નાઓના માર્ગદર્શન હેઠળ સતીષભાઇ જયંતીભાઇ ઇંદ્રેકર ઉ.વ.૪૬ રહે- સુભાષનગરના છાપરા ઓમપ્રકાશ સ્કુલની પાછળ નોબલનગર સરદારનગર અમદાવાદ શહેર વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૫૦/૨૦૨૦ તા-૧૦/૦૧/૨૦૨૦ આધારે સદરી આરોપીને તા-૧૦/૦૧/૨૦૨૦ ના કલાક - ૨૦/૩૦ વાગે પાસા અટકાયત કરી પાસા“ હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે પાસા તળે અટકાયતમા મોકલી આપેલ છે. તા- ૧૦/૦૧/૨૦૨૦
પાસા અટકાયતીનુ નામ- સતીષભાઇ જયંતીભાઇ ઇંદ્રેકર ઉ.વ.૪૬ રહે- સુભાષનગરના છાપરા ઓમપ્રકાશ સ્કુલની પાછળ નોબલનગર સરદારનગર અમદાવાદ શહેર

કામગીરી કરનાર કર્મચારી- (૧) અ.લો.ર. મહેશકુમાર ગોરધનભાઇ બ.ન.૯૬૭
(૨) અ.લો.ર. વનરાજભાઇ દેવરાજભાઇ બ.ન.૧૫૦૧



## નારોલ પોલીસ સ્ટેશન :

# પ્રોહીબિશનની પ્રવુતિ સાથે સંકળાયેલા ઇસમને પાસા હેઠળ અટકાયત કરી ભુજ જેલ મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ ઇ.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશન સબંધી ગુનાઓની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જેથી પો.ઇન્સ એસ.એ.ગોહિલ તથા સ્ટાફના માણસોએ અમદાવાદ શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ પ્રોહીબિશન સબંધી ગુનાઓ જેમાં (૧) નારોલ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૫૩૪૧/૧૯ પ્રોહી કલમ ૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(૧),૮૧,૯૮ મુજબના ગુનાઓના કામના આરોપી ગણપતલાલ ભીખાભાઇ જાતે બિશ્નોઇ ઉ.વ.૪૦ રહે.મ.નં.૪૦૬ રૂપવિલા મંથન ૨૨૨ ની સામે મહાલક્ષ્મી તળાવ વટવા અમદાવાદ શહેર નાઓની વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર ના પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ ડીટીએન /પાસા /૪૮ /૨૦૨૦ તા.૧૦/૦૧/૨૦૨૦ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદર આરોપીને આજ-રોજ તારીખ. ૧૧/૦૧/૨૦૨૦ ના કલાક ૧૨/૩૦ વાગ્યે બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે ભુજ જેલ ખાતે મોકલી આપેલ છે.



## ગુના નિવારણ શાખા :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ **તા.૧૦.૧.૨૦૨૦** નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલ્કતસબંધી/શરીર-સબંધી/ પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ  છે.

- અમદાવાદ શહેરના ઓઢવ તથા બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતોએ ચોરી કરેલ મો.સા.તથા મો.ફોન પોતાના કબ્જામા રાખી પોતાના સાગરિતોને ચોરી કરવાનુ પ્રોત્સાહન પુરુ પાડનાર અને ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ સમસુદોહા ઉર્ફે મહેતાબ મુન્નાખાન પઠાણ રહેવાસી- બી-૯ વિશ્વાસનગર સુંદરમનગરનીબાજુમા બાપુનગર અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સમસુદોહા ઉર્ફે મહેતાબ મુન્નાખાન પઠાણ રહેવાસી- બી-૯ વિશ્વાસનગર સુંદરમનગર નીબાજુમા બાપુનગર અમદાવાદ |

- અમદાવાદ શહેરના ખોખરા તથા દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિત સાથે મળી લોકો પાસેથી કમીશન પેટે નાણા મેળવી દુકાનમા એટીએમ મશીન ચાલુ કરી ફરીયાદીને કમીશન નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરનાર તેમજ અન્ય કિસ્સમા લોકોને વિશ્વાસમા લઈ એટીએમ લગાવવાની વાત કરી ડિપોજીટ પેટે નાણા મેળવી મશીના નહી લગાડી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરનાર અને ગુનાહિત માનસ ધરાવનાર ક્લ્પેશ સુધાકરભાઈ વિશ્વનાથ કોલમ્બેકર  રહેવાસી- ૨૧૯૫/એ/૩ કાઝી બિલ્ડીગ દિવાનજીનો વાડો સહકાર ભવનની બાજુમા ભદ્ર વસંતચોક લાલ દરવાજા કારંજઅમદાવાદ શહેર  વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | ક્લ્પેશ સુધાકરભાઈ વિશ્વનાથ કોલમ્બેકર  રહેવાસી- ૨૧૯૫/એ/૩ કાઝી બિલ્ડીગ દિવાનજીનો વાડો સહકાર ભવનની બાજુમા ભદ્ર વસંતચોક લાલ દરવાજા કારંજઅમદાવાદ શહેર |

- ઘાટલોડિયા પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોની જાહેર રોડ ઉપર લોક મારીને મુકેલ સાયક્લોના લોક ડુપ્લીકેટચાવી થી ખોલી તેની ચોરી કરી  આ ચોરી કરેલ સાયક્લ વેચાણ કરવાના ઈરાદે પોતાના કબ્જમા રાખનાર અને ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે બાપી જ્યોર્જ સરકાર રહેવાસી- મ.ન. ૩૬ નારસીનગર સોસાયટી જુના વાડજ અમદાવાદ મુળવતન ગામ મોરીયમપરા બેગોપરા જિ.નડીયા પસ્ચીમ બંગાળ  વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | બાપી જ્યોર્જ સરકાર રહેવાસી- મ.ન.૩૬ નારસીનગર સોસાયટી જુના વાડજ અમદાવાદ મુળવતન ગામ મોરીયમપરા બેગોપરા જિ.નડીયા પસ્ચીમ બંગાળ |

- આ ઉપરાંત મિલ્કત સબંધી પ્રોહીબીશનની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૬ ઇસમો મળી **કુલ્લે ૯ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને સુરત, રાજકોટ, વડોદરા, ભુજ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

# **બંધ મકાનમાં પ્રવેશ કરી ઘરફોડ ચોરીના આરોપીની અટકાયત**

**ક્રાઇમ બ્રાંચ :**

## **અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં આવેલ બંધ મકાનમાં પ્રવેશ કરી તકનો લાભ લઈ ઘરફોડ ચોરી કરતા આરોપીઓને ઘરફોડચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ**

અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની જાળવણી તથા મિલકત સબંધી ગુન્હાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારુ ખાસ પોલીસ કમિશ્નર શ્રી અજયકુમાર તોમર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી. ગોહિલ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડ-૧ ના પોલીસ ઈન્સપેક્ટર શ્રી એન.આર.બ્રહ્મભટ્ટ નાઓની રાહબરી હેઠળ સ્કોડના પો.સ.ઈ. શ્રી કે.જી.ચૌધરી તથા સ્ટાફના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે આરોપીઓ (૧) કૈલાસ સ/ઓ લાલુરામજી મીણા ઉ.વ. ૨૦ રહે.ગામ લઉવા, વાણી ફલ્લા મહોલ્લો, તહેશીલ સલુમ્બર થાના જલારા જી. ઉદેપુર રાજસ્થાન તેમજ આરોપી નં. (૨) ભગવતીલાલ ઉર્ફે ભાવેશ સ/ઓ વેલાજી મીણા ઉ.વ. ૨૦ રહે. ગામ નયાગાવ તહેશીલ સલુમ્બર થાના જલારા જી. ઉદેપુર રાજસ્થાનનાઓને રોકડા રૂ.૧૪,૦૦૦/- તથા મો.ફોન.નંગ-૨ કિ.રુ.૭૦૦૦/- મળી કુલ કિ.રૂ.૨૧,૦૦૦/- ના મત્તાના મુદ્દામાલ સાથે અટક કરી **સોલા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૦૦૨૩/૨૦૨૦ ઈ.પી.કો કલમ-૪૫૪,૪૫૭,૩૮૦** મુજબનો ગુન્હો શોધી કાઢવામાં આવેલ છે, હાલ આરોપીની વધુ પુછપરછ ચાલુમાં છે.

# લુંટના ગુનામાં સંડવાયેલ આરોપીની અટકાયત

**ઓઢવ પોલીસ સ્ટેશન :**

## લુટના ગુનામાં સંડોવાયેલ આરોપીઓ પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આર.જી.જાડેજા ઓઢવ પો.સ્ટેશન નાઓ મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે સર્વે પો.સ.ઈ.આર.એ.ઝાલા તથા એ.એસ.આઇ ચંદુભાઇ મગનભાઇ બ.નં.૭૯૮૫ તથા લોકરક્ષક ધીરૂભાઇ જીવણભાઇ બ.નં-૧૧૬૬૨ તથા લોકરક્ષક પરિમલ મોહનભાઇ બનં.૧૨૯૬૨ તથા લોકરક્ષક હરદિપસિંહ ભગીરથસિંહ બ.નં-૧૩૩૨ એ રીતેનાઓ સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના લોકરક્ષક પરિમલ મોહનભાઇ તથા લોકરક્ષક હરદિપસિંહ ભગીરથસિંહ નાઓને મળેલ બાતમી હકિકત આધારે ઓઢવ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૨૦૩/૧૯ ઇ.પી.કો કલમ ૩૯૪,૩૯૭,૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ કામે સંડોવાયેલ આરોપીઓ (૧). રાહુલ ભાનુપ્રતાપસિંહ માખણસિંહ તોમર ઉ.વ.૨૭ રહે: હાલ:બી/૧૦૪, ગેલેક્ષી હાઇટ્સ, ટોરેન્ટ પાવર સ્ટેશનની સામે, રીંગરોડ, નિકોલ, અ'વાદ શહેર મુળવતન: ગામ-ફતેપુર તા-અલીગંજ, જી-એટા, થાના-અલીગંજ ઉત્તરપ્રદેશ તથા (૨). વિશાલ ઉર્ફે દેવરાજ સ/ઓ આનંદભાઇ બાબુરાવ મહેશ્કર, ઉ.વ.૨૨, રહે: હાલ: મ.નં-બી/૩૩૫, ઇન્દીરાવસાહત, હુડકો, કઠવાડા, નિકોલ, અ'વાદ શહેર મુળવતન: ગામ-એસમ્બા ગોજી તા.જી-વરદા, મહારાષ્ટ્ર નાઓને ગુનાના કામે વાપરેલ મો.સા નં-GJ-01-MG-1463 સાથે તા.૦૯/૦૧/૨૦૨૦ ના કલાક ૨૦/૦૫ વાગે પકડી કાયદેસર કાર્યવાહી કરી અનડિટેક્ટ લુંટનો ગુનો શોધી કાઢી સારી કામગીરી કરવામાં આવેલ છે. તા-૦૯/૦૧/૨૦૨૦

# ચોરીના આરોપીની અટકાયત

## આનંદનગર પોલીસ સ્ટેશન :

## ચોરી ગયેલ મુદ્દામાલ  સાથે આરોપીઓ પકડી ગુનો શોધી કાઢતી સર્વેલન્સ સ્કોડ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અ.પો.કમિશ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ તથા મ.પો.કમિશ્રી એન ડીવીઝન નાઓએ પો.સ્ટે વિસ્તારમા મિલ્કત સંબંધીત ગુનાઓ બનતા અટકાવવા અને બનેલ ગુનાઓ શોધવા સારૂ આપેલ સુચના તથા પો.ઇ.શ્રી આનંદનગર પો.સ્ટે નાઓના માર્ગદર્શન હેઠળ આનંદનગર પો.સ્ટે. સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ કે.બી.મીર તથા હે.કો. રાજેન્દ્રસિંહ ભીખુભા બ.નં.૩૧૯૪ તથા હે.કો.શૈલેષકુમાર મોહનભાઇ બ.નં.૪૫૫૯ તથા પો.કો.હરપાલસિંહ પ્રભાતસિંહ બ.નં.૫૯૪૨ તથા પો.કો.મહેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ બ.નં.૮૨૮૭ તથા પો.કો ગભરૂભાઇ ધાનાભાઇ બ.નં.૧૦૨૬૦ તથા પો.કો કિશોરસિંહ અનોપસિંહ બ.નં.૮૨૪૬ તથા પો.કો.વિજયકુમાર મગનભાઇ બ.નં.૩૯૭૬ તથા લોકરક્ષક ભરતભાઇ ધીરૂભાઇ બ.નં.૧૦૬૫ વિગેરે સ્ટાફના માણસો તા.૧૦/૦૧/૨૦૨૦ ના રોજ આનંદનગર પો.સ્ટે.વિસ્તારમા આનંદનગર પો.સ્ટે ફ.ગુ.ર.નં. ૦૩/૨૦૨૦ ઇપીકો કલમ૩૭૯(એ)૩,૧૧૪ મુજબના ગુનાના ચોર મુદ્દામાલ શોધવા સારૂ પેટ્રોલીંગમા હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૦૦/૧૦ વાગે રેડીયોમીર્ચી રોડ ચંદ્રમૌલી સ્કૂલ આગળ આવતા સાથેના પો.કો ગભરૂભાઇ ધાનાભાઇ તથા પો.કો.હરપાલસિંહ પ્રભાતસિંહ નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે "એક દીવસ અગાઉ સાંજના સમયે પ્રેરણાતીર્થ દેરાસર આગળથી જાહેર રોડ ઉપર બે ઇસમો વાદળી કાળા કલરના પલ્સર મો.સા પર આવી એક બેનનું પર્સ ખેંચી ચોરી કરી લઈ ગયેલ હોય જે ચોરી કરનાર ઇસમો હાલમાં કૃષ્ણધામ ઔડા વીભાગ-૨ ની આગળ જાહેર રોડ ખાતે હાજર છે" જે બાતમી હકીકત આધારે પંચો સાથે બાતમીવાળી જગ્યાએ જઇ બાતમી હકીકતવાળા ઇસમો પલ્સર મો.સા સાથે મળી આવતા જેઓના નામઠામ પૂછતા નં.૧ કમલેશ રાજુભાઈ અઠવાલ રહે.કૃષણધામ ઔડાના મકાનમાં, આનંદનગર નાનો તથા નં.૨ ભાવેશ સુરેશભાઇ બારોટ રહે કૃષ્ણધામ ઔડાના મકાન વી-૨ આનંદનગર નાનો હોવાનુ જણાવેલ તેમજ સદરી બન્ને ઈસમોની અંગઝડતી કરતા કમલેશ રાજુભાઈ અઠવાલ ના પેન્ટના ખીસ્સામાથી એક કાળા કલરનો વન પ્લસ કંપનીનો મોબાઈલ ફોન તથા એક ચાર્જર મળી આવેલ જે વન પ્લસ કંપનીનો મોબાઈલ ફોન તથા ચાર્જર બાબતે તેઓએ જણાવેલ કે એક દીવસ આગાઉ તેઓ બંને જણા પલ્સર મો.સા લઈ પ્રેરણાતીર્થ દેરાસર આગળથી જાહેર રોડ પર નીકળેલ જ્યાં રોડ ઉપર ચાલતા જતાં એક બહેનનું પર્સ ખેચી ચોરી કરી લઈ ગયેલ જે પર્સમાં સદર મોબાઈલ ફોન અને ચાર્જર હતું તેમ જણાવેલ અને સદરી ઇસમો પાસે ગુનામાં વાપરેલ બજાજ પલ્સર મો.સા કાળા વાદળી કલરનું જેનો આર.ટી.ઑ.નં. જીજે-૦૧-યુ.એસ.-૮૨૯૮ નું મળી આવેલ તેમજ સદરી ચોરી બાબતે અત્રેના આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફસ્ટ ગુ.ર.નં-૦૩/૨૦૨૦ ધી ઇપીકો કલમ- ૩૭૯(એ)૩,૧૧૪ મુજબથી ગુન્હો રજીસ્ટર થયેલ હોય જેથી મોબાઈલ ફોનની કિં.રૂ.૨૦,૦૦૦/- તથા ચાર્જરની કિં.રૂ.૦૦/- તથા પલ્સર મો.સા ની કિં.રૂ.૬૫૦૦૦/- ગણી કુલ્લે રૂ.૮૫,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસર કાર્યવાહી કરી પર્સ સ્નેચીંગનો ગુનો શોધી કાઢિ પ્રશંસનિય કામગીરી કરેલ છે. તા.૧૦/૦૧/૨૦૨૦

# વાહન ચોરીના આરોપીની અટકાયત

**ઓઢવ પોલીસ સ્ટેશન :**

## વાહન ચોરીના ગુનામાં સંડોવાયેલ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને પકડી પાડતી પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી. એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુના શોધી કાઢવા સારૂ આપેલ સુચના મુજબ સર્વેલન્સ પો.સબ.ઇન્સ આર.એ.ઝાલા, એ.એસ.આઇ પરથીભાઇ પુરાભાઇ બ.નં.૩૧૫, લોકરક્ષક દિગ્વીજયસિંહ જગદિશસિંહ બનં-૧૧૭૪૫, લોકરક્ષક હરદેવભાઇ અજાભાઇ બ.નં-૧૫૩૦, લોકરક્ષક પંકજભાઇ નારણભાઇ બ.નં-૧૦૧૯૦ એ રીતેના નાઓએ લોકરક્ષક દિગ્વીજયસિંહ જગદિશસિંહ તથા લોકરક્ષક હરદેવભાઇ અજાભાઇ નાઓને મળેલ બાતમી આધારે ઓઢવ મહાકાળી હોટલ પાસે પેટ્રોલ પંપ સામે રોડ ઉપરથી કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને તા-૦૯/૦૧/૨૦૨૦ ના ક.૧૪/૦૦ વાગે શાહીબાગ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૨૦૯/૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે ચોરાયેલ ઓટોરીક્ષા કિ.રૂ.૨,૨૫,૦૦૦/ ના મત્તાના મુદ્દામાલ સાથે મળી આવતા અનડિટેક્ટ મિલ્કત સંબંધી ગુના શોધી કાઢી સારી કામગીરી કરવામાં આવેલ છે. તા-૦૯/૦૧/૨૦૨૦.

# મંદીર માંથી ચોરી કરતા આરોપીની અટકાયત

રામોલ પોલીસ સ્ટેશન :

## મંદીર માંથી ચોરી કરતા ઈસમને પકડી પાડતી રામોલ પોલીસ
## મંદીર માંથી ચોરી કરેલ ચાંદીના બે છત્તર સાથે એક ઈસમ ઝડપાયો

આજરોજ તા:૦૯/૦૧/૨૦૨૦ ના પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ ની સુચના આધારે રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મીલકત સબંધી ગુનાઓ અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ સર્વે સ્કોડના પો.સ.ઈ વી.બી.વાઘેલા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.કો ચેતનભાઈ રણછોડભાઈ તથા પો.કો લાલજીભાઈ જાહાભાઈ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે સુરેલીયા સર્કલ ખાતેથી આરોપી ધર્મેન્દ્ર કંચનલાલ પંચાલ ઉવ:૪૩ રહે:સાઈબાબાના મંદીરની સામે વસ્ત્રાલ ગામ અમદાવાદ શહેર ને વસ્ત્રાલ ગામ કબીર મંદીર રોડ ઉપર આવેલ સાઈબાબાના મંદીર માંથી ચોરી કરેલ ચાંદીના બે છત્તર કીમત રૂપીયા ૫૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.



# ચાઇનીઝદોરીના આરોપીની અટકાયત

## શાહપુર પોલીસ સ્ટેશન :

### પ્રતિબંધીતચાઇનીઝદોરી સાથે ૨ આરોપીઓનેપકડી પાડતીશાહપુર પોલીસ

આગામી મકરસંક્રાતીના તહેવાર અનુસંધાનેઅમદાવાદ શહેરમા બહારથી ઘાતક ચાઇનીઝદોરી લાવી ચોરી છુપીથીવેચાણ કરતાઇસમોવિરૂધ્ધકાયદેસર કાર્યવાહી કરવા સારૂઅમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી આશીષભાટીયા સાહેબ તથા મે. અધિક પોલીસ કમિશ્નરસેકટર-૧ શ્રીઅમિત વિશ્વકર્મા સાહેબ નાઓએ આપેલ સુચનાઅનુસંધાનેનાયબ પોલીસકમિશ્નરઝોન-૨ શ્રી ધર્મેન્દ્રશર્માસાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરએસ.કે.ત્રિવેદી“સી” ડીવીઝન સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ શાહપુરપોલીસ સ્ટેશન અધિકારી/કર્મચારી કાર્યરત છે જે અનુસંધાનેપોલીસ ઇન્સપેકટર શ્રી આર.કે.અમીન સાહેબ નાઓએ ઉતરાયણના તહેવાર અનુસંધાનેપોલીસ સ્ટેશન વિસ્તારમાચાઇનીઝદોરીનુ વેચાણ તેમજ હેરાફેરી અટકાવવા સારૂસર્વેલન્સસ્કોડના પો.સ.ઇ. શ્રી પી.જે.સોલંકીસાહેબનાઓને આપેલ સુચના આધારે સર્વેલન્સસ્કોડના અ.હે.કો. જાવેદખાનઅખ્તરખાન બ.ન.૯૬૬૮નાઓની ટીમના પો.કો. યુનુસખાન મુનાવરખાન બ.ન.૮૬૫૪ તથા પો.કો.જીતેશકુમારરમેશભાઇબ.ન.૬૫૦૩નાઓનેસંયુકત બાતમી હકીકત આધારેશાહપુરજે.પી.ચોક આગળ જાહેરમાથીઆરોપી (૧) મોહમદરફીકમોહમદમીયા શેખ ઉવ-૪૭ ધંધો-વેપાર રહે-૧૩૩૪/ગલી નં.૨ મોલની પોળ વડલાની સામે, દરીયાપુર અમદાવાદ શહેર તથા (૨)મોહમદઇદ્રીશમેહમુદભાઇમન્સુરી ઉવ-૨૮ રહે-૧૩૨૮/ગલી નં.૨ મોલની પોળ વડલાની સામે દરીયાપુર અમદાવાદ શહેરનાઓનેબે બોક્ષમા કુલ્લે-૯૬ રોલનીકિ રૂ. ૨૧,૧૨૦/- તથા બે મોબાઇલ ફોન ૪૫૦૦/- તથા રોકડનાંણા-૯૦૦૦/- તથા એકટીવા નંબર GJ.01.MZ.1313 કિ.રૂ૧૨૦૦૦/- તથા રીક્ષા નંબર GJ.01.BY.7774 ૧૫૦૦૦/- મળી કુલ્લેકિ.રૂ. ૬૧,૬૨૦/-નામતાના મુદ્દામાલ સાથેપકડી અટક કરી શાહપુરપોલીસ સ્ટેશન ગુ.ર.ન.૦૦૧૮/૨૦૨૦ ધી ઇપીકો કલમ ૧૮૮ તથા જી.પી.એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(યુ),૧૧૩,૧૧૭,૧૩૧ મુજબ પ્રતિબંધિત ચાઇનીઝદોરીનાજાહેરનામાભંગનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરેલ છે



# "SHE TEAM" કરેલ કામગીરી

## રીવર ફ્રંટ વેસ્ટ પોલીસ સ્ટેશન

રિવર ફ્રન્ટ વેસ્ટ પોલિસ સ્ટેશન વિસ્તારમાં she team દ્વારા પેટ્રોલીંગ દરમ્યાન એક બાળક પ્રતિક કેશવ ભાઈ ઠેડીમગર ઉ.વ. ૭ જે ફ્લાવર શો ના ગેટ નં. ૧ ઉપર ખોવાય ગયેલ હતા તેને તેના પરિવાર સાથે સહી સલામત સોપેલ છે



# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૩/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૩૦ લીટર દેશી દારૂ, ૧૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫ બિયર ટીન અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૫૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૪/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૨ વ્યક્તિઓની અને પ્રોહી.૯૩ હેઠળ ૭ વ્યક્તિઓની તેમજ પાસા હેઠળ ૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૭૫/૨૦૨૦

**નવરંગપુરાઃ** બાબુલાલ શેરમલ માલુ (ઉ.વ.૬૭) (રહે. જૈન સ્થાનકવાસી સોસાયટી નારણપુરા રેલ્વે ક્રોસીંગ પાસે ઉસ્માનપુરા) એ તા.૧૦/૦૧/૨૦૨૦ નારોજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૦૯ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા દિનેશ હોલની બાજુમા આવેલ ચાણક્ય બોલ્ડીંગના ત્રીજા માળે ઓફીસ નંબર ૩૦૨ ખાતે આરોપી (૧) નિરજભાઇ કુમારપાળભાઇ શાહ (૨) જૈનમ કુમારપાલ શાહ (૩)રૂપલ કુમારપાળ શાહ અને (૪) દેવીન્દ્ર કુમારપાળ શાહ (તમામ રહે. ગીરધરનગર સોસાયટી શાહીબાગ) એ ભેગા મળી બાબુલાલ માલુ ને વિશ્વાસ અને ભરોસો આપી ધંધામાં સારુ એવુ વળતર મળશે તેમ કહી રાઇઝીંગ ટ્રેડલીંક પ્રા.લી.(આર.ટી.પી.એલ) ઓર્ગેનીક ફુડના એક્ષ્પોર્ટના વેપાર ધંધામાં ટુકડે ટુકડે બેંક દ્વારા કુલ રૂપિયા ૫૭,૦૦,૦૦૦/- રોકાણ કરાવી નાણા મેળવી લઇ નાણા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.બી.દેસાઈ ચલાવે છે.

**માધવપુરાઃ** બિલાલ સહીદએહમદ સૈયદ (ઉ.વ.૨૯) (રહે. ડો અંકલેશ્વરીયાની ચાલી વેરહાઉસની પાછળ દુધેશ્વર) એ તા.૧૦/૦૧/૨૦૨૦ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૦/૨૦૧૯ નારોજ આરોપી મોબાઈલ નંબર ૭૪૯૭૮૯૫૯૩૫ ના ધારકે બિલાલ સૈયદ ની કાર રૂપિયા ૭૧,૦૦૦/- મા વેચાણ અર્થે લેવાનુ નક્કી કરી વિશ્વાસ આપી ફોન પે એપ્લીકેશન દ્વારા ઓનલાઇન બિલાલ સૈયદના બેંકના ખાતામાંથી રૂપિયા ૨૭૦૦/- મેળવી ઓનલાઇન વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એન.રબારી ચલાવે છે.